**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

# ઉકેલ પત્ર : બાળ સત્સંગ - બીજી

(સમય : સવારે ૯ થી ૧૧) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

**બાળ સત્સંગ-૨ : અગિયારમી આવૃત્તિ - સપ્ટેમ્બર, ૨૦૦૭**

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખંભાત (૧૩/૨૫) ૨. પાણિની (૧૯ બ/૮૧) ૩. ૧૭ (૧૨ બ/૬૯) ૪. એક (૭ બ/૬૨)

૫. શાસ્ત્રીજી મહારાજ (૬બ/૫૮) ૬. પાઘ (૨૫/૫૦) ૭. માલિક કહે તેમ કરવું (૧૭/૩૪)

૮. માગસર સુદ ૮ (૧૨બ/૬૮) ૯. બહેનો (૨૨/૪૩) ૧૦. ૧૯ (૭/૧૩)

**પ્ર.૨. નીચેના ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✗' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખોટું - ✗ (૧૯/૩૮) ૨. ખોટું - ✗ (૨ બ/૫૩) ૩. ખોટું - ✗ (૮ બ/૬૨) ૪.ખોટું - ✗ (૧૫ બ/૭૩)

૫. ખોટું - ✗ (૪ બ/૫૬) ૬. ખરું - ✔ (૮ બ/૬૪) ૭. ખરું - ✔ (૧૧ બ/૬૭) ૮. ખોટું - ✗ (૧૫/૨૯,૩૦)

૯. ખરું - ✔ (૧૪/૨૭) ૧૦. ખરું - ✔ (૯/૧૭)

**પ્ર.૩. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને ડભાણમાં દીક્ષા આપી ગુણાતીતાનંદ નામ આપ્યું. (૪/૯)

૨. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણથી પર એટલે ગુણાતીત. (૫/૯)

૩. શ્રીજીમહારાજ સગરામના ઘેર દહીં અને રોટલો જમ્યા. (૨૦/૪૦)

૪. સંતોને વંદન કરવાથી આપણામાં તેમના ગુણો આવે છે. (૧૧ બ/૬૭)

૫. શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પ્રમુખ 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને' બનાવ્યા. (૧૪ બ/૭૧)

૬. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક-ચાંદલો કર્યો. (૧૬ બ/૭૪)

૭. ભગુભાઈને નાહવા ઊનું પાણી અને ખાવા ઊની રોટલી જોઈતી હતી માટે વરતાલ જવાની ના પાડી. (૧૧/૨૨)

૮. વૃદ્ધાવસ્થામાં પણ કાચા ચણા ચાવે તેવા મજબૂત દાંત ગુણાતીતાનંદ સ્વામીના હતા. (૧૪/૨૬)

૯. જેતલપુરમાં રામદાસ સ્વામીએ ઓગણીસ જણાની મૂછ અને માથું મૂંડાવ્યા. (૧૮/૩૬)

૧૦. મૂળજીના માતાનું નામ સાકરબા અને પિતાનું નામ ભોળાનાથ હતું. (૧/૨)

**પ્ર.૪. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મહારાજ - ગુણાતીતાનંદ સ્વામીને (૯/૧૮) ૨. મહારાજ - ભોળાનાથને (૩/૫)

૩. ગુણાતીતાનંદ સ્વામી - મુક્તાનંદ સ્વામીને (૬/૧૨) ૪. રામા હાટી - ગુણાતીતાનંદ સ્વામીને (૧૨/૨૪)

૫. પ્રહ્‌લાદ - તેના પિતાને (હિરણ્યકશિપુને) (૧૮ બ/૭૮)

**પ્ર.૫. નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. દૂબળી ભટ્ટે પોતાનાં માટે કાંઈ ન રાખતાં પોતાનું સર્વસ્વ મહારાજના ચરણે આપી દીધું. તેને ભગવાનનો ભરોસો જણાયો. તેથી મહારાજ રાજી થયા. (૧૫/૩૦)

૨. મહારાજની આજ્ઞા પ્રમાણે ભૂંડું કરે તેનું ય ભલું કરવું. ભગવાનનું નામ લઈ ઠાકોરને આશીર્વાદ આપીએ કે એને ઘેર દીકરો થાય અને એમના દરબારગઢની ડેલીએ સાધુઓની ઝોળીઓ ટીંગાય. (૮/૧૫)

૩. શ્રીજીમહારાજ જે ઓટલા પર બેસીને કથા કરતા હતા. તે ઓટલો કૂતરાએ બગાડેલો. બીજા લોકોએ એ સાફ કરવાની વાતો જ કરી. જ્યારે ઉકા ખાચરે જોયું કે તરત જ ઓટલો સાફ કરીને ફરી નાહીને આવ્યાં. આવી નાનામાં નાની સેવા કરી તેથી શ્રીજીમહારાજ ઉકાખાચરને ભેટ્યા. (૨૩/૪૬)

૪. રોટલા ઘડતા, પીરસતા, પાણી ભરતા, અનેકને પાણી સીંચીને નવડાવતાં, કપડાં ધોતાં, વાસણ ઊટકતા, સત્સંગ પ્રચાર માટે ગામડે-ગામડે ફરતા, ઝોળી માંગતા, અંધ સાધુને હાથ પકડી પોતાની સાથે ચલાવતા. (૯ બ/૬૪- ૬૫)

૫. મા-બાપને ચરણે વંદન કરીને ધીરેથી જમાડે, પગચંપી કરે, દાતણ કરાવે, સ્નાન કરાવે, ધોયેલા વસ્ત્રો પહેરાવે, જાતે રસોઈ કરી જમાડી ને જમે. (૨૦ બ/૮૧-૮૩)

**પ્ર.૬. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં ફક્ત જવાબ નંબર લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧.** ૨ (૧૦/૧૯) **૨.** ૩ (૧૬/૩૨) **૩.** ૧ (૨૧/૪૧) **૪.** ૧ (૧૩ બ/૭૦) **૫.** ૨ (૧/૨)

**૬.** ૨ (૫/૧૧) **૭.** ૩ (૧૦/૧૯) **૮.** ૨ (૫/૯) **૯.** ૨ (૧૪/૨૮) **૧૦.** ૨ (૬ બ/૫૮)

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. ગુણાતીતાનંદ સ્વામી (૧/૨) | ૨ | ૧. મહેળાવ |
| ૨. ભગતજી મહારાજ (૪ બ/૫૫) | ૪ | ૨. ભાદરા |
| ૩. શાસ્ત્રીજી મહારાજ (૬ બ/૫૮) | ૧ | ૩. ચાણસદ |
| ૪. યોગીજી મહારાજ (૮ બ/૬૨) | ૫ | ૪. મહુવા |
| ૫. પ્રમુખસ્વામી મહારાજ (૧૨ બ/૬૮) | ૩ | ૫. ધારી |

**પ્ર.૮. નીચેની સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- પૂરી વાત સાચી હોય તો જ ગુણ આપવા. અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી (૧૭ બ/૭૫)

૨. સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહિ. (૧૭ બ/૭૫)

૩. આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે. (૧૭ બ/૭૫)

૪. પાંચ-દશ વાર 'સ્વામિનારાયણ-સ્વામિનારાયણ' નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. (૧૭ બ/૭૫)

૫. જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે. (૧૭ બ/૭૫)

**પ્ર.૯. નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. નથી અમારી પાસે હો ભગવન, જાત જાતનાં ફૂલો (૨)
પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે, ભક્તિ ભાવનાં ફૂલો (૨)
એ ફૂલોને માની લેજો (૨) કુમળાં હૃદય અમારાં ........ (૧બ/૫૩)

૨. સૂરણ પૂરણ ને ભાજી, કારેલાં, પાપડ, વડી વઘારી,
વંતાક વાલોળનાં શાક કર્યાં, મેં તો ચોળાફળી છમકારી........ (૧૦ બ/૬૬)

૩. સ્વામીના તો બાળક અમે શ્રીજી અમારા દેવ, દેશ દેશના વીરો અમે સેવાની છે ટેવ.....
નાનાં નાનાં બાળ અમે, મોટા મોટા બોલ, સ્વામી માટે જીવશું અમે એ મારો અમારો કોલ. (૨૨ બ/૮૫-૮૬)

૪. સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ॥ (૫ બ/૫૭)

૫. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥ (૫ બ/૫૭)

**પ્ર.૧૦.નીચેનામાંથી કોઈપણ એક પાઠ પર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. ઘરમંદિર :-** ઘરને પવિત્ર બનાવવું હોય તો ઘરમંદિર જોઈએ. જે ઘરમાં મંદિર નથી એ ઘર સ્મશાન તુલ્ય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. આપણા ઘરમાં મંદિર હોય તો આપણને ભગવાનનાં દર્શન ઘરમાં જ થાય. ભગવાનની પૂજા પણ ઘરમાં જ થાય. ઘરમાં નાનું એવું લાકડાનું કબાટ કે ઘરની દીવાલમાં ગોખલો કે હાટિયું હોય, તેમાં મંદિર ગોઠવવું. તેમાં ગુરૂપરંપરાની નાની મૂર્તિયો સુંદર ફ્રેમમાં મઢીને પધરાવવી. રોજ સવારે મૂર્તિને સ્વચ્છ વસ્ત્રથી સાફ કરવી. ચંદન કે કંકુનાં ચાંદલા કરવા.

અનુકુળ હોય તો પુષ્પના હાર પહેરાવવા અથવા પુષ્પો ગોઠવવા. આરતી કરવી. બપોરે થાળ ધરાવવો.

સાંજે પણ ઘરમાં બધાએ ભેગા મળીને સંધ્યા આરતી કરવી. ધર્મગ્રંથમાંથી થોડું વાંચન કરવું. આમ કરવાથી ભગવાનની પૂજા-આરતી કરવાનો ને કથા કરવાનો રોજનો નિયમ સચવાય. આપણામાં ભક્તિ આવે. ઘરમાં હંમેશા પ્રભુનો વાસ રહે. એથી ઘરનું વાતાવરણ પવિત્ર રહે, ઘરમાં કોઈ દિવસ ક્લેશ કે કંકાસ થાય નહિ. ઘરમાં સૌને શાંતિ મળે. ભગવાન આપણી અને ઘરની રક્ષા કરે. (૩ બ/૫૪-૫૫)

**૨. બમણાં ડગલાં ચાલ્યા :-** શ્રીજીમહારાજ કથામાં કહેતા, સત્સંગીના તો દાસના દાસ થઈને રહેવું. આ શબ્દ ઝીણાભાઈએ ઝીલ્યા, અને તેઓ માંદા કમળશીભાઈનો ખાટલો જાતે ઉંચકીને ઘરે લઈ આવ્યા, અને સેવા કરવા માંડી. તેમના પગ, માથું દાબે ખવડાવે, લુગડાં ધોઈ નાંખે, પોતે ઠાકોર તો પણ સેવા કરે. મહારાજ આ વાત જાણી રાજી થયા અને પંચાળા આવ્યા ત્યારે સાત વાર ભેટયા. ઝીણાભાઈનો અંત સમય આવ્યો. મહારાજ માણકીએ ચઢીને આવ્યાં. દેહ પર હાથ ફેરવ્યો ને ઝીણાભાઈએ દેહ છોડ્યો. મહારાજે એમની નનામી ઉપાડી ડેલી બહાર કાઢી. સૌને નવાઈ લાગી. ત્યારે મહારાજ કહે અમારા વણકર હરિભક્ત કમળશી ભગત માંદા હતા, ત્યારે તેમનો ખાટલો ઉપાડીને તે જેટલા ડગલાં ચાલ્યા હતાં તેનાથી બમણાં ડગલાં અમે ચાલ્યા. (૨૪/૪૭-૪૮)

**૩. ભજન ગાવાની ઉંમર કઈ ? :-** ભોળાનાથ ધર્મ ભાવવાળા હતા. એક દિવસ તેમણે મૂળજી શર્માને ભક્તિમાં તલ્લીન જોઈને કહ્યું, 'બેટા! અત્યારે રમવાની ઉંમર છે. ઘડપણમાં ભજન કરજો.' મૂળજી ગામમાં ગયા. અને તેમણે જોયું કે ડોસાઓ ગામ-ગપાટા મારતાં હતા અને ડોસીઓ છીંકણી સૂંઘતી હતી, ને નિંદા કરતી હતી. મૂળજી પાછા ઘેર આવ્યા. અને પિતાને કહ્યું, પિતાજી, ગામમાં કોઈ ઘરડા ભજન કરતા નથી. બધાં ગામ-ગપાટા મારે છે. કોઈને ભજનમાં રસ નથી. માટે મને થાય છે કે ભગવાન તો નાનપણમાં જ સારી રીતે ભજાય, ધ્રુવ અને પ્રહલાદે નાનપણમાં જ પ્રભુ ભજ્યા હતા. પિતા કહે તારી વાત ખરી છે !' (૨/૩)

☞ **નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑